ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૨૧ ટકા

# ચિલોડામાં સુકુ વૃક્ષ અચાનક તુટી પડતા એકનું મોત

## તંત્રની લાપરવાહીએ નિર્દોષે જીવ ગુમાવ્યો : ચિલોડામાં અનેક ઠેકાણે હજુ પણ સુકાઈ ગયેલા વૃક્ષો યમદૂત થઈને ઉભા છે





ગાંધીનગર, તા.૨૧

સતત અવરજવરથી ધમધમતા ચિલોડા ચાર રસ્તાએ સોમવારે સવારે એક સુકુ વૃક્ષ અચાનક જ તુટી પડતાં નીચે ઉભેલો એક વ્યકિત દબાઈ ગયો હતો જેને સારવાર અર્થે ખસેડતા તબીબે મૃત જાહેર કર્યો છે. પ્રિમોન્સુન કામગીરી તંત્ર દ્વારા કરવામાં જ ન આવતી હોય તેવા દશ્યો હાલમાં પણ મોજુદ બન્યા છે. સુકા વૃક્ષો અંગે તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું હતું છતાં કોઈ જ કાર્યવાહી ન થતાં આખરે તંત્રની લાપરવાહીએ એક નિર્દોષનો જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. જેથી તંત્ર વિરૂધ્ધ ફિટકારની લાગણી ઉભી થવા પામી છે.

ગાંધીનગર પંથકના ચિલોડા સહિત મુખ્ય માર્ગો પર અનેક લોકોની અવરજવરથી ધમધમતા વિસ્તારોમાં અનેક સુકાઈ ગયેલા વૃક્ષો ઉભા છે. જોરદાર વાવાઝોડા કે વધુ વરસાદની થાપટે ધરાશાયી થાય તેવી દહેશત પણ સતત હોય છે જ. જે અંગે તંત્રનુ ધ્યાન પણ દોરવામાં આવ્યું હતુ છતાં તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી ન થતા ચિલોડામાં સોમવારે સવારે એક સુકુ વૃક્ષ તુટી પડતા એક વ્યકિતનું મોત નિપજયું છે.

મળેલ વિગતો મુજબ ગાંધીનગરથી ચિલોડા તરફ આવવાના માર્ગે ચોકડી ઉપર શાકભાજી, ફળફળાદિ તેમજ અન્ય વેપાર કરતા લોકો બસે છે જેની નજીક એક વૃક્ષ સુકાઈ ગયેલી સ્થિતિમાં હતું જે સોમવાર સવારે અચાનક જ તુટી પડયું હતું. આ વૃક્ષ નીચે ઉભેલા રમણભાઈ કાંતિભાઈ રાવળ વૃક્ષ પડવાથી દબાઈ ગયા હતા અને દોડી આવેલા લોકોએ તાત્કાલિક તેમને ગાંધીનગર ખસેડયા હતા પરંતુ સારવાર મળે તે પહેલા જ માથાના ભાગે થયેલી ગંભીર ઈજાથી તેઓ મૃત્યુ પામ્યા હતા.ચિલોડામાં બનેલી આ ઘટનાથી લોકોમાં તંત્ર વિરુધ્ધ ફિટકાર વરસ્યો છે. વધુમાં ચિલોડામાં ગાંધીનગર તરફ જવાના પીકઅપ બસ સ્ટેન્ડ નજીક, પોલીસ સ્ટેશન નજીક અનેક ઠેકાણે સુકાઈ ગયેલા વૃક્ષો હજુ પણ યમદૂત બની ઉભા છે. તંત્ર આળશ ખંખેરી ચોમાસા પહેલા પ્રિમોન્સુમ કામગીરી આરંભી નિર્દોષ માણસોના થતા મૃત્યુને અટકાવે તેવી માંગ ઉઠી છે.

# ચ-૬ પાસે મારૂતિ વાનમાં સટ્ટો રમાડતા બે સગા ભાઈઓ ઝડપાયા

## પોલીસે બાતમીના આધારે દરોડો પાડી રૂ. ૬૩,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી સટ્ટોડીયા ભાઈઓને જેલ હવાલે કર્યા

ગાંધીનગર, તા.૨૧

શહેરના સેકટર-૨૯ના ખૂણે મારૂતિ વાનમાં આઈપીએલ ક્રિકેટ મેચના સટ્ટા રમાડતા બે સટ્ટોડીયાઓને બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે દબોચી લીધા હતા. ટીમે સટ્ટોડિયાઓ પાસેથી રૂ. ૬૪ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને બંને આરોપીઓને જેલ હવાલે કર્યા હતા.

આઈપીએલ ક્રિકેટ મેચના લાઈવ પ્રસારણ ઉપર ક્રિકેટ સટ્ટાની ગુન્હાહીત પ્રવૃત્તિ ગાંધીનગરમાં દિવસે ને દિવસે વધી રહી છે. સટ્ટોડિયાઓ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડી લાખો-કરોડો રૂપિયા આમ તેમ કરી નાંખે છે. મેચને લઈ સટ્ટોડીયાઓ વધુ સક્રીય બન્યા છે અને પોતાનો કાળો કારોબાર ધમધોકાર ચલાવી રહ્યા છે ત્યારે આ સટ્ટોડિયાઓને દબોચી લઈ સટ્ટાની પ્રવૃત્તિ અટકાવવા માટે ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચની જુદી જુદી ટીમોએ ચક્રો ગતિમાન કર્યા છે.



આજે શહેરના સેકટર-૨૯ના ખૂણા રોડની સાઈટમાં મારૂતિવાનમાં કેટલાક સટ્ટોડિયા ખુલ્લેઆમ ચેન્નાઈ વર્સીસ પંજાબ વચ્ચે ચાલી રહેલી લાઈવ ટી-૨૦ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડી રહ્યા હોવાની બાતમી ક્રાઈમ બ્રાન્ચના જીતેન્દ્રસિંહને મળી હતી. આ બાતમીના આધારે ક્રાઈમબ્રાન્ચના પીએસઆઈ ડી.ડી. રહેવર, ભવાનસિંહ, સુરેન્દ્રસિંહ, રાજેન્દ્રસિંહ અને દિપકસિંહે બાતમી સ્થળે દરોડો પાડયો હતો અને જીજે ૧૮ એ ૭૮૦૯માં સટ્ટો રમાડતા બે સટ્ટોડીયા સંજયસિંહ સજુભા ઝાલા અને સુરેન્દ્રસિંહ સજુભા ઝાલા બંને (રહે. સેકટર-૪-બી પ્લોટ નં. ૪૯૬/૧-ગાંધીનગર મૂળ રહે. નાથુભાનો માઢ આંટામાં પેથાપુર-ગાંધીનગર)ને રંગે હાથ ઝડપી પાડયા હતા. દરોડામાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે ક્રિકેટ સટ્ટાના આંકડા લખેલ પીનપેજ, રૂ. ૧૦૦ની રોકડ, રૂ. ૨૨૦૦૦ની કિંમતના ૩ મોબાઈલ તથા રૂ. ૪૦૦૦૦ની કિંમતની મારૂતિવાન મળી કુલ રૂ. ૬૩૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. અને બંને સટ્ટોડિયા વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરમાં બાળકો માટેની નોન સ્ટોપ રોલર સ્કેટીંગ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સેકટર-૨૩ ખાતેના આર.એન. પટેલ લલિતકલા એકેડમી ખાતે કાર્યરત મમતા સ્પોર્ટસ સેન્ટર દ્વારા ક્રિષ્ના એકેડેમીના સહયોગથી નોનસ્ટોપ રોલર સ્કેટીંગ સ્પર્ધાનું આયોજન રવિવારે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગર અને અમદાવાદના કેજીથી માંડીને ધો-૧૦ સુધીના આશરે ૩૫૦ જેટલા સ્પર્ધકો જોડાયા હતા.

નોન સ્ટોપ રોલર સ્કેટીંગ સ્પર્ધા સંસ્થાની સ્કેટીંગ રીંગ પર યોજાઈ હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના કેમ્પસ ડાયરેકટર ડૉ.સોમભાઈસી. પટેલ તથા લલિત કલા એકેડેમીના સંચાલિકા દિનાબેન ડોડીયાએ ઉપસ્થિત રહી બાળકોનો જુસ્સો વધાર્યો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ રોલર સ્કેટરોને મેડલ, પ્રમાણપત્ર અને કીટસ એનાયત કરવામાં આવી હતી. રોલર સ્કેટીંગ સ્પર્ધાનું નિદર્શન અને કોચીંગ સંસ્થાના કોચ વસીમ મન્સુરી દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ગાંધીનગરના તેમજ અમદાવાદની શાળા સ્કેટરોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સ્પર્ધાના સમાપન પ્રસંગે વૈદેહી ઠાકુર દ્વારા આભારદર્શન વ્યકત કરવામાં આવ્યું હતું.

# સે-૬માં ૩૫ ઝુંપડાના દબાણો દુર કરાયા





ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી તંત્ર હરકતમાં આવી જતા દબાણકારોમાં ફફડાટ ફેલાયો છે. શહેરના માર્ગો અને સેકટરના આંતરીક માર્ગો પરથી જાણે લારી-ગલ્લા અદશ્ય થઈ ગયા છે.ત્યારે આજે સેકટર-૬ સુવિધા કચેરી દ્વારા ૩૫ ઝુંપડાના દબાણો દુર કરાયા હતા. દબાણકારોને નોટીસ પણ તંત્ર દ્વારા આપવામાં આવી હતી. પરંતુ દબાણકારોએ નોટીસની પરવા કર્યા વિના અડીંગો જમાવી રાખતા દબાણ પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું હતું.

ગાંધીનગર શહેરને છેલ્લા ઘણા વર્ષોથી દબાણે અજગરી ભરડો લીધો છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરના આંતરીક માર્ગો પર જયાં નજર કરો ત્યાં લારી-ગલ્લા અને ઝુંપડાના દબાણ નજરે પડે છે. તંત્રના અધિકારીઓ માટે પણ દબાણ શબ્દ માથાના દુખાવા સમાન બની જવા પામ્યો છે. મનપાની ટીમ દ્વારા છેલ્લા કેટલાક દિવસથી દબાણની કામગીરી હાથ ધરાઈ છે જેને પગલે દબાણકારોમાં ભય વ્યાપી જવા પામ્યો છે. ત્યારે આજે સેકટર-૬ માં પણ તમામ દબાણકર્તાઓને તંત્ર દ્વારા નોટીસ પાઠવી હતી. પરંતુ નોટીસને અવગણીને કેટલાક દબાણકારો યથાવત રહ્યા હતા. પાટનગર યોજના વિભાગ, સુવિધા કચેરી સે-૬, વનવિભાગ, અને પોલીસ ટીમ સાથે સમગ્ર સેકટરમાં દબાણ દુર કર્યુ હતું. જેમાં ઘ-૩ થી ગ-૩ સુધીના માર્ગ પર તેમજ ગ-૩ થી ગ-૨ તરફ સીએનજી પંપ સામેના છાપરા, ધારાસભ્યોના મકાન પાસે કાચા છાપરા, તેમજ ઘ-૨ વિસ્તારમાં કડીયા નાકા, તેમજ અપનાબજારની આસપાસના વિસ્તારમાંથી લારી ગલ્લા તેમજ ઝુંપડાના દબાણો દુર કરાયા છે. તંત્ર એ સપાટો બોલાવતા નાના વેપારીઓમાં ભય વ્યાપી જવા પામ્યો છે. દબાણની ટીમ આવતા દબાણકારો સામાન ખસેડવામાં પડ્યા હતા. તંત્ર દ્વારા સે-૬ને દબાણમુકત બનાવવા માટે આગામી સમયમાં પણ દબાણ હટાવવાની કામગીરી ચાલુ રહેશે.

## @ગાંધીનગર

● વંદે માતરમ પરિવારનો આનંદનો ગરબો દત્ત મંદિર, સે-૨૮ ખાતે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

## વાતવાતમાં

● સોમવારે સ્વ. રાજીવ ગાંધીની સ્મૃતિમાં આજે સદભાવના દિવસની ઉજવણી નિમિત્તે યુવક કોંગ્રેસ દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરાયું હતું.

● જિલ્લામાં પંચાયતના જે અધિકારી-કર્મચારીનો જળસંચયની કામગીરી ન સોંપાઈ હોય તેમને કચેરીમાં હાજર રહેવા વિકાસ કમિશનરે સૂચના આપી છે.

● ગાંધીનગર મનપામાં સોમવારે રૂબેલા-મિઝલ્સ રસીકરણ અભિયાનને લઈ કોર કમિટીની બેઠક મળી હતી.

● આગામી સપ્તાહ પરિણામોનું સપ્તાહ બની રહેશે. ગુજરાત બોર્ડના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને સીબીએસઈ ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ના પરિણામે જાહેર થનાર છે. જો કે ચોકકસ તારીખની વિધિવત જાહેરાત હજુ સુધી કરાઈ નથી.

# સે-૩-સીમાં તસ્કરોએ પોલીસના ઘરને જ નિશાન બનાવ્યુ

## તસ્કરોએ મકાનનો નકુચો તોડી રોકડ-દાગીના મળી ૬૧ હજારની મત્તા ચોરી પોલીસ કોન્સ્ટેબલ નગીન દેસાઈ સે-૨૧ પોલીસમાં ફરજ બજાવે છે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૩-સીના રહેણાંક મકાનને કેટલાક ઘરફોડીયાઓએ નિશાન બનાવ્યું હતું. ઘરફોડીયાઓએ બંધ મકાનનો લાભ ઉઠાવી તાળા તોડી રોકડ-દાગીના તેમજ મૂર્તિ મળી કુલ રૂ. ૬૧ હજારની મત્તાની ચોરી કરી હતી. આ મામલે સેકટર-૭ પોલીસે ચોરીની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી ગુનાખોરીનો ગ્રાફ સતત વધી રહ્યો છે. આરોપીઓ એક પછી એક ગુન્હાને અંજામ આપી પોલીસને પડકાર ફેંકી રહ્યા છે ત્યારે આજે ફરી શહેરના સેકટર-૩ પ્લોટ નં. ૬૯૭/૧માં રહેતા અને સેકટર-૨૧ પોલીસમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે નોકરી કરતા નગીન અમૃતભાઈ દેસાઈના બંધ મકાનને જ ચોરોએ નિશાન બનાવ્યું હતું.

સેકટર-૨૧ પોલીસ મથકમાં કોન્સ્ટેબલ તરીકે નોકરી કરતા નગીન દેસાઈ તેમના પિતરાઈના આ મકાનમાં રહે છે. તા. ૧મેના રોજ આ મકાનને સવારે તાળુ મારીને વતન ખેરાલુના વેરઠા ગામે લગ્ન પ્રસંગમાં ગયા હતા ત્યાંથી પરત ફર્યા બાદ ઘ દોઢ ખાતે આવેલી હોસ્ટેલમાં મિત્રો સાથે રહેતા હતા દરમિયાન ગત શનિવારે પડોશનો બપોરે નગીન દેસાઈ પર ફોન આવ્યો હતો અને તમારા મકાનનો દરવાજાનો નકુચો તૂટયો હોવાનું જણાવ્યું હતું. આ ચોરીની જાણ થતા તુરંત ઘરે દોડી ગયા હતા અને તપાસ કરતા બેડરૂમમાં રાખેલી લોખંડની તિજોરી તુટેલી હતી. સમગ્ર સામાન આખા ઘરમાં વેર વિખેર પડયો હતો. તસ્કરો તિજોરીના ખાનામાં રહેતા રૂ. ૨૫ હજારની રોકડ માતાજીની ચાંદીની મૂર્ત સાત ગ્રામની સોનાની વીંટી તથા ઝાંઝર મળીને કુલ રૂ. ૬૧ હજાર મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. આ મામલે સેકટર-૭ પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને નગીનભાઈની ફરિયાદ લઈને તપાસ હાથ ધરી છે.



ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની ૨૮ પૂણ્યતિથીની ગાંધીનગર મનપાના વોર્ડ નં.૮ના નગરસેવક પાયલબેન મેણાત તથા શહેર કોંગ્રેસના એસટીસેલન ચેરમેન વિનોદ મેણાત દ્વારા વેકેશનને કારણે પોતાના વતનમાં હોવાથી ત્યાં શ્રધ્ધાંજલિ અર્પવામાં આવી હતી. આ નિમિત્તે તેમણે તેમના અરવલ્લી જિલ્લાના ભિલોડા ખાતેના કિશનગઢ ગામે નાના ભૂલકાંઓને બિસ્કિટ વિતરણ કર્યુ હતું.

# સેકટર-૩ વગડાવાળી માના મંદિર ખાતે યોજાશે જનજાગૃતિ શિબિર

ગાંધીનગર, તા.૨૧

જિલ્લા અદાલત ગાંધીનગર દ્વારા નાગરિકોમાં વિવિધ કાયદાકીય જાણકારી આપી જાગૃતિ ફેલાવવાના સંદર્ભે તા. ૨૨-૫-૧૮ને મંગળવારે સવારે ૯.૩૦ થી ૧૧.૦૦ કલાક દરમિયાન જનજાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે.

શિબિરને દિનેશ દવે, જયરામ સોની, અનિલ કક્કડ સંબોધન કરશે. જેમાં ફાસ્ટ ફુડ, જંક ફુડ, કોલ્ડ ડ્રીંકસ, આઈસ્ક્રીમથી શારિરીક બિમારી અને મકાન-મિલકતોના વિલ વારસાઈને લગતી જાણકારી આપવામાં આવશે. આ ઉપરાંત ઉપસ્થિત નાગરિકોને વ્યકિતગત જરુરી જાણકારી પણ મળી શકશે. જેમાં શહેરના સુજ્ઞ નાગરિકોને હાજર રહી જાણકારી મેળવવા વિનંતી છે.

# જીઈબી દ્વારા વાવોલમાં અંડરગ્રાઉન્ડ વાયરીંગ કરાશે

ગાંધીનગર, તા. ૨૧

હાલના સમયે ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે. અંગ દઝાડતી ગરમીમાં નાગરીકો ઘરમાં પુરાઈ રહે છે. આકાશમાંથી જાણે અગનગોળા વરસતા હોય તેમ નગરજનો લાગી રહ્યું છે. ત્યારે ન્યુ વાવોલ અને ગુડા વિસ્તારમાં લાઈટોના ધાંધિયા સર્જાય છે. વરસાદ હોય કે વાવાઝોડું જીઈબીની લાઈટો ડુલ થઈ જાય છે. તેવા સમયે જીઈબી તંત્ર એ પણ નાગરીકોને પડતી હાલાકી ધ્યાને લઈને ટુંક સમયમાં વાવોલ વિસ્તારમાં જીઈબી દ્વારા અંડરગ્રાઉન્ડ વાઈરીંગનું કામ કરવાની કવાયત હાથ ધરવામાં આવનાર છે. જેથી વરસાદ પડે કે વાવાઝોડું આ વિસ્તારમાં રહેતા નાગરીકોને લાઈટ વિના રહેવુ નહીં પડે.

ગ્રામ્ય વિસ્તારમાં વીજ પુરવઠો પુરો પાડવાની કામગીરી જીઈબી તંત્ર પાસે છે. ત્યારે વધુ વરસાદ હોય અથવા વાવાઝોડું આવે એટલે વિજ વાયર તુટી પડતા કે થાંભલા નીચે નમી જતા કે ધરાશાયી થતા વિજ પુરવઠો ખોરવાઈ જવાના કિસ્સા સામે આવે છે. જેથી આસપાસના તમામ વિસ્તારની લાઈટો જે તે સમય માટે બંધ થઈ જાય છે. રાત હોય કે દિવસ નાગરીકોએ લાઈટ વિના સમય પસાર કરવો મુશ્કેલીરૂપ બની જાય છે. ઉનાળામાં વધુ વીજ વપરાશને કારણે લાઈટ ટ્રીપ થવાના કિસ્સા વારંવાર બને છે. જયારે ડીપીમાં ખરાબી થતા પણ લાઈટ બંધ થઈ જાય છે ત્યારે પ્રજાની સમસ્યાઓને ધ્યાને રાખીને તેમજ પ્રજાભિમુખ કામ કરવાની દિશામાં જીઈબી તંત્ર કામ કરી રહ્યું છે. ન્યુ વાવોલ વિસ્તારમાં આગામી ટુંક સમયમાં સમગ્ર સ્થળે અંડર ગ્રાઉન્ડ વાઈરીંગની કામગીરી હાથ ધરાશે. ત્યારબાદ તબક્કાવાર શહેરના અન્ય વિસ્તારમાં પણ અંડર ગ્રાઉન્ડ વાઈરીંગની કામગીરી હાથ ધરવામાં આવશે. જીબીઈ તંત્ર દ્વારા અંડર ગ્રાઉન્ડ વાઈરીંગની કામગીરી થયા બાદ નાગરીકોની સમસ્યાઓનો પણ અંત આવશે તેમ લાગી રહ્યું છે.

# રિલાયન્સ ચોકડીએ ખાણી-પીણી વિસ્તારમાં ગંદકીના ઢગ

## શિક્ષીત અને સંસ્કાર નગરીના રળીયામણા બિરૂદને કચરાના ઢગનું લાંછન



ગાંધીનગર, તા.૨૧

રાજયમાં સ્વચ્છતા ઝુંબેશનો પાટનગરમાંથી પ્રારંભ થયો હતો. આ સ્વચ્છતા અંગે તંત્રને કાયમ સાબતું રાખવામાં આવે છે છતાં પાટનગરના નવ વિકસીત થયેલા કુડાસણના રીલાયન્સ ચોકડી વિસ્તારમાં ગંદકીના ઢગ સર્જાયા છે. ખાણી-પીણી તરીકે લોકપ્રિય બનેલા આ વિસ્તારમાં રાત્રીએ લોકોનો સૌથી વધારે ધસારો જોવા મળી રહ્યો છે. છતાં તંત્ર દ્વારા અહીં સ્વચ્છતા અંગે કોઈ જ પગલાં લેવાતા ન હોવાનું જણાઈ રહ્યું છે. નિયમિત કચરો ન ઉપાડવાના કારણે ગંદકીના ઢગ સર્જાયા છે જેથી સ્વચ્છતા માટે કરાતો મસમોટો ખર્ચ અહીં નકામો લાગી રહ્યો છે.

ગાંધીનગર એ શિક્ષણનું હબ બની રહ્યું છે અને તેથી જ શિક્ષિત અને સંસ્કારી નગરની ઓળખ બન્યું છે. વધુમાં હરિયાળા અને રળીયામણા પાટનગરના બિરૂદને કુડાસણના રીલાયન્સ ચોકડી વિસ્તારના કચરાના ઢગે લાંછન લગાડયું છે. ખાણી-પીણી માટે ચોતરફથી અહીં લોકો રાત્રીએ આવે છે જેથી રાત્રીનો નજારો અહીં અદભૂત લાગી રહ્યો છે. પરંતુ ખાણી-પીણી વિસ્તારમાં જ ઠેર ઠેર કચરાના ઢગ જોવા મળી રહ્યા છે. જે ગંદકીમાં પરિવર્તીત થઈ બિમારીને આમંત્રિત કરી રહ્યા છે.

ગુડામાં સમાવિષ્ટ આ વિસ્તારમાં સ્વચ્છતાનો રીતસર છેદ ઉડી ગયો હોય તેમ અહીંના સ્થાનિક તેમજ દેશ વિદેશથી મહેમાન ગતિએ આવતા લોકો પણ ગંદકીના ઢગ જોઈ નાકના ટેરવા ચડાવી રહ્યા છે. દેશ કક્ષાએથી રાજયકક્ષા સુધી છેવાડાના ગામમાં પણ સ્વચ્છતા ઝુંબશ ચલાવી સરકાર સ્વચ્છતા ઉપર વિશેષ ભાર મુકીને સ્વચ્છતા પાછળ કરોડો રૂપિયા ખર્ચ કરી રહી છે ત્યારે રાજયના પાટનગરમાં આ દશ્યો આઘાતજનક લાગી રહ્યા છે. ગાંધીજીની ૧૨૫મી જન્મજયંતિને સ્વચ્છતા સાથે જોડી દઈ દેશમાં સ્વચ્છતા જનઆંદોલનનો તખતો ઘડાઈ રહ્યો છે ત્યારે પાટનગરનું નિર્ભર તંત્ર આ અંગે હજુ આળશ મરડીને બેઠું થયું નથી. વધુમાં તંત્ર દ્વારા આ અંગે કોઈ સર્વે કે તપાસ પણ થતી નથી જેથી સ્વચ્છતા અભિયાન ફકત કચરો ઉપાડનાર વાહનો અને તંત્રના દફતર સુધી મર્યાદિત રહ્યા છે. જે અંગે મૂળભૂત તંત્રના કર્મચારીઓ દ્વારા આ અભિયાનને વેગ મળે તેવું કરવું જોઈએ તે ઈચ્છનીય બન્યું છે.

## ચિરવિદાય

● સ્વ. બિપીનભાઈ સોમાભાઈ ચૌહાણ, ઉ.વ. ૫૩